સીવીલ હોસ્પિટલ ખાતે ફાયર સેફટી અંગે મોકડ્રીલ યોજાઇ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે આજે બપોરના સુમારે આઇ.સી.યુ. રૂમમાં અચાનક આગ લાગે તે સમય શું તકેદારી રાખવી જોઇએ તે અંગેની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોકડ્રીલમાં આજે બપોરના સુમારે ગાંધીનગર સીવીલ હોસ્પિટલના કોવિડ સારવાર બ્લોકના ત્રીજા માળ પર આઇ.સી.યુ. રૂમ આવેલ છે. આ રૂમમાં આજે બપોરના ૩ વાગ્યાના આસપાસ આગ લાગી હોવાની જાણ વહીવટી તંત્રને કરવામાં આવી હતી. આ જાણ થતાં જ સૌ પ્રથમ ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. તે પછી તરત આ અંગેની જાણ ચિલોડા ખાતે આવેલ એન.ડી.આર.એફ., પોલીસ તંત્ર અને અન્ય સંબંધિત તંત્રની જાણ કરવામાં આવી હતી.

જાણ થતાંના ખૂબ ઝડપથી ગાંધીનગર ફાયરબ્રિગેડના ત્રણ વાહનો આગને કાબૂમાં લેવા માટે આવી ગયા હતા. તેના થોડાક સમય બાદ પોલીસ તંત્રના જવાન, એન.ડી.આર.એફ.ની ટીમ આવી ગઇ હતી. ફાયરબ્રિગેડના જવાનો દ્વારા આગને કાબૂમાં લેવા માટેની કવાયત શરૂ કરવામાં આવી હતી. તેમજ અને.ડી.આર.એફ.ની ટીમ દ્વારા અગ્નિ શામક ડ્રેસમાં સજ્જ થઇ જવાનો આગ લાગેલ માળ પર દર્દીઓને બચાવવા માટેના જરૂરી સામગ્રી લઇ પહોંચી ગયા હતા.

આઇ.સી.યુ. રૂમમાં રહેલા દર્દીઓને સલામત રીતે બહાર કાઢવવા માટેની કાવયત હાથ ધરી હતી. તેમજ આગને કાબૂમાં લેવા માટે કામે લાગી હતી. તે સમય એન.ડી.આર.એફ.ના જવાનો દ્વારા દર્દીઓને ઇવીયુકેશન માર્ગ દ્વારા નીચે ઝડપથી ઉતારવામાં આવ્યા હતા.

આ અંગે મીડિયાને માહિતી આપતાં ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર ઓફિસર શ્રી મહેશ મોઢે જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડૉ. રતનકંવર ગઢવી ચારણના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં આગની મોકડ્રીલ કરવામાં આવી હતી. આ મોકડ્રીલ દરમ્યાન ગાંધીનગર સીવીલ હોસ્પિટલના સીવીલ સર્જન ડૉ. શ્રી નિયતીબેન લાખાણી અને આર.એમ.ઓ. દ્વારા આગ લાગવાની સાથે જ સર્વે સંકુલમાં મોકડ્રીલની આગ લાગ્યાની જાણ સરળતાથી કરી દીધી હતી. તેમજ એન.ડી.આર.એફ.ની ટીમ, પોલીસ અને અન્ય સંબંધિત વહીવટી તંત્ર જાણ થયાના કેટલા સમયમાં આવી શકે છે, તેના ટાઇમની નોંધ કરવામાં આવી હતી. આવી આગ દરમ્યાન કેમ કરી દર્દીઓને બચાવવા તેની વિસ્તૃત તાલીમ એન.ડી.આર.એફ. જવાન અને ફાયર બ્રિગેડના કર્મયોગીઓને મળી છે. ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં ઇવીયુકેશન માર્ગ બનાવવામાં આવ્યો છે. તે ખૂબ આ સમય ઉપયોગી બન્યો છે.

જિલ્લામાં કેસ ઘટ્યા : ૩૦૬ નવા કેસ

૨૪ કલાકમાં ૨૮૨ રિકવર થયા : પલીયડમાંથી ૧ વર્ષનું બાળક, માણસા અર્બનમાંથી ૨ માસની અને વડસરમાંથી ૭ માસની દિકરી સંક્રમિત થયેલા મળતાં તંત્ર હચમચી ઉઠ્યુ : દહેગામમાં ૧૮, ગાંધીનગરમાં ૩૮, કલોલ-માણસામાં ૫૧-૫૧ કેસ નોંધાયા : જિલ્લામાં ૧૪૦ થી વધુ મહિલા દર્દી નોંધાઈ : સે. ૨૭ માં ૮, સે. ૨-૮ માં ૬-૬ કેસ, સે. ૨૨-૨૯ માં ૪-૪ કેસ : વાવોલમાં ૨૦, કુડાસણમાં ૧૫, સરગાસણમાં ૧૧, કોલવડા-ઝુંડાલમાં ૮-૮, રાયસણમાં ૫, પેથાપુરમાં ૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં ઘટાડા સાથે કોરોનામાંથી રિકવર થતા દર્દીઓની સંખ્યામાં થયેલા વધારાથી તંત્રએ થોડીક રાહત અનુભવી છે. જો કે આજે પણ ૮ મા દિવસે જિલ્લામાં કોરોનાના નવા ૩૦૬ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેફામ બની વિસ્તરી રહ્યો છે. કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકામાં કોરોનાના કેસો હજુ મોટી સંખ્યામાં મળી આવતા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫૮ કેસ અને ગાંધીનગર શહેરમાં ૧૪૮ કેસ નોંધાયા છે. તંત્રના સૂત્રોનું માનીએ તો સંક્રમણ ઘટાડા તરફ ગતિ જરૂર કરી રહ્યુ છે જે એક રાહતની નિશાની ગણી શકાય. સંક્રમણ પછી રિકવરી રેટ પણ જે છેલ્લા બે દિવસથી સુધરવા પામ્યો છે. જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૫ અને શહેરમાં ૧૬૭ આમ કુલ મળી ૨૮૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫૮ કેસ નોંધાયા છે. જેમાં દહેગામમાં ૧૮, ગાંધીનગરમાં ૩૮, કલોલ અને માણસામાં ૫૧-૫૧ કેસ નોંધાયા છે. આજે ૧૨ દર્દીઓને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ નાના ફુલ જેમાં માણસા અર્બનમાંથી ૨ માસની આયુ ધરાવતી દિકરી, પલિયડમાંથી ૧ વર્ષનું બાળક અને વડસરમાંથી ૭ માસની દિકરીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર હચમચી ગયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સંક્રમિતોની યાદીમાં ૭૫ મહિલા, ૧૧ કર્મયોગી, ૧૫ ખેડૂત, ૧૦ વિદ્યાર્થી તેમજ ખાનગી નોકરીયાતો અને નાના વેપારીઓ તેમજ મજૂરી કામ કરતા લોકોનો સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારોમાં પરિવારો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. અંતરિયાળ ગામોમાંથી પણ કોરોનાના કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

દહેગામ તાલુકામાંથી આજે વધુ ૧૮ કેસ મળી આવ્યા છે. જેમાં દહેગામ અર્બનમાંથી ૬ કેસ, ઉડાન ગામેથી ૩ કેસ, બારિઆ અને શિયાવાડા ગામેથી ૨-૨ કેસ તેમજ ધમીજ, હિલોલ, વેલપુરા, હરખજીના મુવાડા, ખરણા ગામેથી કેસો મળી આવ્યા છે. તંત્રએ સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગ વધારવા માટેની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાનો કહેર યથાવત રહેતાં તંત્રની ચિંતા વધવા લાગી છે. તાલુકામાં આજે ગત સપ્તાહની તુલનામાં આજે થોડા ઓછા કેસ નોંધાયા છે. તાલુકામાં આજે ૩૮ કેસ નોંધાયા છે. યાત્રાધામ રૂપાલમાંથી ૭, વાસણમાંથી ૫, ઉવારસદ, સરઢવમાંથી ૪-૪ કેસ, અડાલજમાંથી ૩, સોનીપુરમાંથી ૨ કેસ તેમજ દોલારાણા વાસણા, જાખોરા, લેકાવાડા, માધવગઢ, છાલા, કાનપુર, શાહપુર, આલમપુર, નવા પાલજ, ઉનાવા, દંતાલી, શેરથા, ઈસનપુર મોટા ગામેથી કેસ મળી આવેલ છે.

કલોલમાં આજે ૫૧ કેસ નોંધાતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. કલોલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે.

આજે કલોલ તાલુકાના વડસર ગામેથી ૭ માસની આયુ ધરાવતી દિકરી અને પલિયડમાંથી ૧ વર્ષનું બાળક કોરોના પોઝીટીવ જણાતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

કલોલ અર્બનમાંથી આજે ૧૧ કેસ નોંધાયા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાંથી ૬ અને અર્બન-૨ વિસ્તારમાંથી પાંચ કેસ મળી આવ્યા છે. કલોલના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ સતત કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. કલોલ ગ્રામ્યમાં જાસપુર, વડસર અને સોજામાંથી ૪-૪ કેસ, મોટી ભોંયણ, ચાંદીસણા, પાનસર, જામળામાંથી ૩-૩ કેસ, બોરીસણા, ધાનજ, પ્રતાપપુરા, પલિયડ, રકનપુરમાંથી ૨-૨ કેસ ઉપરાંત કરોલી, ભાદોલ, દંતાલી, સાંતેજ, અલુવા, શોભાસણમાંથી પણ કેસો મળી આવ્યા છે.

માણસામાં આજે ૫૧ કેસ નોંધાયા છે. છેલ્લા પંદર દિવસમાં ત્રીજો કેસ નાનુ કુલ સંક્રમિત થયુ હોય તેવો કિસ્સો નોંધાતાં તંત્રની ચિંતા વધી છે. માણસા અર્બનમાંથી આજે ૨ માસની દિકરી સંક્રમિત થયેલી મળી છે. માણસા અર્બનમાંથી આજે વધુ ૮ કેસ મળી આવ્યા છે. માણસા અર્બનમાં સંક્રમણ વધી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે.

માણસા ગ્રામ્ય વિસ્તારમાં આજે પુંધરામાંથી વધુ ૬ કેસ, વ્યાસપાલડી, લોદરા, ગલથરા, આજોલમાંથી ૩-૩ કેસ, ચરાડા, હરણાહોડા, ખરણા, અનોડિયા, ખડાત, લક્ષ્મીપુરા, રંગપુર, અંબોડ, રાજપુરા ગામમાંથી ૨-૨ કેસ ઉપરાંત વિહાર, મહુડી, પાલુન્દ્રા, ભીમપુરા, ગ્રામભારતી, વરસોડા, દેલવાડામાંથી પણ કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬૮૬૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૨૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૮૩૬૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન ૬૦૦ થી વધુ થવા પામ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૧૪૮ દર્દીઓ કોરોનાના મળી આવ્યા છે. છેલ્લા બે દિવસથી શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો હોવાથી તંત્ર થોડીક હળવાશ અનુભવતુ જોવા મળી રહ્યું છે. શહેરના દર્દીઓમાં રિકવરી રેટ પણ સુધરવા પામ્યો છે. શહેરમાં આજે ૧૬૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ઘણા દિવસો બાદ તંત્રમાં રિકવર થયેલા દર્દીઓની સામે નવા નોંધાયેલા કેસોની સંખ્યા ઓછી જણાઈ છે.

શહેરમાં સંક્રમણ સ્થિર થયુ છે તેથી તંત્રને હજુ ચિંતા તો છે જ. શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં આજે ૬૦ કેસ નોંધાયા છે. જ્યારે ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં ૮૮ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ૧૪ વિદ્યાર્થી ઉપરાંત સોફ્ટવેર ઈજનેર, સ્ટાફ નર્સ, વાયરમેન, આસિ. પ્રોફેસર, કમાન્ડો ઓફિસર, ઈન્ટર્ન ડૉક્ટર, સિંચાઈ વિભાગના અધિકારી, શિક્ષક, ગિફ્ટસીટીમાં એકાઉન્ટન્ટ, એસઆરપી જવાન, ફાર્મા કંપનીનો કર્મયોગી, કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. શહેરમાં આજે ૭૩ જેટલી મહિલાઓનો પણ સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે. શહેરમાં આજે સે. ૨૭ માંથી ૮, સે. ૨ અને ૮ માંથી ૬-૬ કેસ, સે. ૨૨, ૨૯ માંથી ૪-૪ કેસ, સે. ૪, ૭, ૧૭, ૨૩, ૨૬ માંથી ૩-૩ કેસ, સે. ૫, ૩, ૯, ૨૮ અને ૩-એ-ન્યુમાંથી ૨-૨ કેસ તેમજ સે. ૬, ૧૨, ૧૩, ૧૬, ૧૯, ૨૧ અને ૨૪ માંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી આજે ૮૮ કેસ મળી આવ્યા છે. જેમાં વાવોલમાંથી ૨૦, કુડાસણમાંથી ૧૫, સરગાસણમાંથી ૧૧, ઝુંડાલમાંથી ૮, રાયસણમાંથી ૫, પેથાપુરમાંથી ૪, રાંદેસણમાંથી ૩, ઈન્ફોસીટીમાંથી ૩, કોબા, અંબાપુર, સુઘડમાંથી ૨-૨ તેમજ બોરીજ, અમીયાપુર, ખોરજ, પાલજ, રાંધેજામાંથી પણ કેસ મળી આવેલ છે.

આઈસોલેશન સેન્ટરના ખર્ચ માટે પંચાયતોને રૂ. ૧૫ હજારની ગ્રાન્ટ ફળવાઈ

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોવિડ-૧૯ ના વધેલા સંક્રમણ પછી હરકતમાં આવેલા પંચાયતના તંત્રએ ગામેગામ કોવિડ આઈસોલેશન સેન્ટર બનાવવાની સૂચનાઓ આપી હતી.

આ પછી આજે સાંજે દરેક ગ્રામ પંચાયતને આ આઈસોલેશન ખર્ચમાં સહાય તરીકે રૂ. ૧૫ હજારની ખાસ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી છે. જિલ્લા પંચાયત સ્વભંડોળ સદરેથી આ ગ્રાન્ટ ફાળવી આપવાના હુકમો આજે કરવામાં આવ્યા છે. રૂ. ૪૨ લાખ જેટલી રકમ ગ્રામ પંચાયતોને ફાળવી આપવામાં આવી છે. આ ગ્રાન્ટમાંથી પંચાયતો આઈસોલેશન સેન્ટર માટેનો જ ખર્ચ કરી શકશે.

જિલ્લામાં ૨૮૬ ગ્રામ પંચાયતો દ્વારા ૪૫૦૦ થી વધુ બેડની સુવિધા ઉભી કરાઈ છે. હાલ ૮ ગામમાં ૨૦ થી વધુ દર્દીઓ આ આઈસોલેશન સેન્ટરમાં સારવાર માટે દાખલ થયેલા છે.

પદડી / શ્રદ્ધાંજલિ સભા

સ્વ. શ્રીમતી પ્રિયા વિનોદ માનિક (૧૯૬૯-૨૦૨૧)

આપનું સેવાકીય જીવન, માયાળુ વ્યક્તિત્વ, નિખાલસ અને લાગણીભર્યો આપનો સ્વભાવ જીવનભર સદાય યાદ આવશે. ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની
શ્રીમતી પ્રિયા વિનોદ માનિક
તારીખ ૩/૦૫/૨૦૨૧ ના રોજ સ્વર્ગવાસી થયેલ છે.

સદ્ગતની પદડી / શ્રદ્ધાંજલિ સભા :
તારીખ ૬/૦૫/૨૦૨૧, ગુરુવારના રોજ
સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી ZOOM પર રાખેલ છે

CA વિનોદ માનિક - +91 98250 48526
કરન માનિક - +91 94091 70067 | રત્ના માનિક - +91 95584 11480

દુઃખદ આવસાન

સ્વ. શારદાબેન સુરેશભાઈ શુક્લ
(ઉ. વ. ૮૦)

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥

સ્વ. તાઃ- ૨૯-૪-૨૦૨૧ ગુરૂવાર ચૈત્ર વદ-૩
ગામઃ-અમરેલી (હાલ- ગાંધીનગર)
દિલગીરી સાથ જણાવવાનું કે અમારા માતૃશ્રી શારદાબેન સુરેશભાઈ શુક્લનું દુઃખદ આવસાન થયેલ છે,
પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના
વર્તમાન પરિસ્થિતીને ધ્યાને લઈ ટેલીફોનીક બેસણું રાખેલ છે

ટેલીફોનીક બેસણું
તાઃ-૦૬-૦૫-૨૦૨૧ ગુરૂવારે સમયઃ-સવારે ૧૦ થી ૧૨

લી.
સમીર સુરેશભાઈ શુક્લ મોઃ-૯૮૭૯૩ ૦૨૮૪૫
જતીન સુરેશભાઈ શુક્લ મોઃ-૯૪૨૭૬ ૧૬૬૦૧
માધવીબેન ઉમેશભાઈ યાજ્ઞિક મોઃ-૯૪૨૭૪ ૫૫૭૮૦
પાટનગર ટુડે પરીવારના જયશ્રી કૃષ્ણ

REQUIRED
Equity Dealer for NSE - F & O
Pay Rs.12500 to 17000
+ INCENTIVE
Call - 99747 03401

તંત્રનો દુરૂપયોગ ભાજપ કરી રહ્યું છે : કોંગ્રેસ

પ્રજાના પૈસા પ્રજાની સુવિધા માટે સૌને સાથે રાખી કરવો જોઈએ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં કાઉન્સીલરોને મળતી ગ્રાન્ટના વપરાશને લઈ શહેરનું રાજકારણ ફરી એકવાર ગરમાયુ છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યુ છે કે તંત્ર ભાજપને છાવરે તે બરાબર છે પરંતુ વિપક્ષના ચૂંટાયેલા સભ્યોએ તેમની ગ્રાન્ટમાંથી કોવિડ માટે જે નાણાં ફાળવ્યા તે સાધનો ખરીદી અને દર્દીને પહોંચાડવામાં કેમ ઉદાસીનતા દાખવવામાં આવી તે અંગે તંત્રએ સ્પષ્ટતા કરવી જોઈએ. તેમણે જણાવ્યુ છે કે વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમનભાઈ વિંઝુડા, રમીલાબેન પ્રદીપસિંહ વાઘેલા, પિન્કીબેન રજનીભાઈ પટેલ ૩૦-૪-૨૧ના રોજ તેમની ગ્રાન્ટમાંથી ઓક્સોમીટર, સેનીટાઈઝર, માસ્ક, મોટા ઈલેક્ટ્રીક પંપ, વેન્ટીલેટર સહિત અન્ય ઘણી સામગ્રીઓ આપવા માંગણી કરી હતી પરંતુ તે હજુ સુધી અપાયા નથી જ્યારે મેયરની ગ્રાન્ટમાંથી વેન્ટીલેટર, એમ્બ્યુલન્સના લોકોર્પણના કાર્યક્રમો યોજાયા તેનાથી કમિશનર અજાણ હતા.

તંત્રનો દુરૂપયોગ નહિ કરવા તેમણે ચીમકી આપી છે. તેમણે કહ્યું કે પ્રજાના પૈસાનો ખર્ચ પ્રજાહિત માટે થાય તે જરૂરી છે પણ દરેકને સરખો ન્યાય મળે તે એટલુ જ જરૂરી છે.

જિલ્લા પંચાયતના દરેક સભ્યને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાની સેવાઓ માટે રૂ. ૧.૫૦ લાખ ફાળવવા પંચાયત પ્રમુખ દિલીપ પટેલે આદેશ કર્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાનું સંક્રણ જે ઝડપથી વધી રહ્યુ છે તેને રોકવા માટેના પગલાં લેવા દરેક સભ્યને તેમના વિસ્તાર માટે રૂ. ૧,૫૩,૦૦૦ની રકમ સ્વભંડોળમાંથી ફાળવી આપવા જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે આદેશ કર્યો છે.

જિલ્લા વિકાસ અધિકારીને લખેલા પત્રમાં તેમણે ગ્રામીણ વિસ્તારમાં મહામારીની પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ આનુસંગિક સેવાઓ ઉભી કરવા માટે આ ગ્રાન્ટ તાત્કાલિક સ્વભંડોળ સદરેથી ફાળવી આપવા જણાવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ વધ્યુ છે અને ગામેગામ આઈસોલેશન સેન્ટરો ઉભા કરાયા છે ત્યારે આ પરિસ્થિતિમાં આનુસંગિક સેવાઓ માટે સભ્યો પાસે પર્યાપ્ત ભંડોળ હોવુ જરૂરી હોવાથી દરેક બેઠક દીઠ સભ્યોને આ ગ્રાન્ટ ફાળવી આપવી જરૂરી હોવાથી આ આદેશ તેમણે કર્યો હોવાનું કહ્યુ છે.

જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ આઈસોલેશન સેન્ટરોમાં દવાનો જથ્થો નહિ હોવાને લઈ આરોગ્યતંત્રનો કાન આમળ્યો હતો. બધાજ સેન્ટરો પર આજ રાત સુધીમાં દવાની એ અને બી પ્રકારની કીટો પહોંચાડવા પણ તેમણે અધિકારીઓને રૂબરૂ બોલાવી સૂચના આપી હતી. આ પછી તંત્ર હરકતમાં આવી ગયુ છે અને દવાનો જથ્થો મેળવી કીટો તૈયાર કરવામાં આવી રહી છે તેમ પણ તેમણે જણાવ્યુ હતુ.

તેમણે આજે આરોગ્યતંત્ર પાસેથી વેક્સીનેશનને લઈ પણ ચર્ચાઓ કરી હતી અને ગ્રામીણ વિસ્તારમાં આ અભિયાન સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

રાજયમાં આગામી સપ્તાહમાં આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાશે વરસાદ આવશે

ગાંધીનગર-અમદાવાદમાં પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટુ વરસશે : અંબારામ પટેલ

ગાંધીનગર તા ૫

આગામી સપ્તાહ દરમિયાન રાજયના વિવિધ ભાગોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે અંધારપટ્ટ જોવા મળશે. તા ૭ થી ૧૪ માં દરમિયાન વાતાવરણમાં પલ્ટો આવશે. ગાંધીનગર અમદાવાદમાં પણ સાંજના સમયે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા વરસશે પ્રિ મોન્સુન એકટિવીટી અંગે તેમણે વધુમાં વાત કરતા જણાંવ્યુ હતુ કે આગામી ચોમાસુ પણ સાનુકુળ રહેશે. રાજયના કેટલાક ભાગોમાં ધુળિયા વાતાવરણ વચ્ચે આંધી જોવા મળે તેમ પણ જાણીતા હવામાન તજજ્ઞ અંબારામ પટેલે જણાંવ્યુ છે.

જાણીતા જયોતિષી અંબારામ પટેલના જણાવ્યા મુજબ હજુ પણ રાજયના ભાગોમાં વરસાદની શકયતા રહેલી છે. પ્રિ મોન્સુન એકટિવીટી જોર પકડશે. જો કે આ નિર નિરંતર ચોમાસુ કરી શકાય નહીં.પરંતુ હાલના સંજોગો જોતા આગામી થોડાક દિવસોમાં જ રાજસ્થાનના ભાગોમાં હવાનુ દબાણ એકહજાર મિલીભારથી નીચે જવાની સંભાવના છે. જેના લીધે ચોમાસાના સંજોગો ઉજળા બનશે. જયારે ગંગા જમનાના મેદાનો તપે ત્યાર બાદ ચોમાસાનુ આંકલન થાય ગંગા જમનાના મેદાની વિસ્તારો પણ તપી ઉઠવાની શકયતા રહેશે. ચોમાસા અંગે જોતા હાલના સંજોગોમાં સારા ચોમાસાના સંકેતો પ્રાપ્ત થઈ રહ્યા છે. એટલે સારુ ચોમાસુ આવવાની શક્યતા પ્રબળ છે. તા ૨૦ માં આસપાસ આંદોમાન નિકોબાર ટાપુ પર વરસાદી ઝાપટા પડવાની સંભાવના છે. લક્ષ્યદિપના ભાગોમાં પણ વરસાદ થવાની સંભાવના છે. જે ચોમાસાનુ પુરક બળ બની રહેશે.કેરળ કાંઠે હાલના સંજોગો જોતા ચોમાસુ સમયસર આવવાની સંભાવના છે. તા ૧૮ જુન આસપાસ મુંબઈ મહારાષ્ટ્રમાં વરસાદ થવાની સંભાવના છે. હાલમાં બંગાળના ઉપસાગરમાંથી આવતો હવાનો ભેજ અને અરબસાગરમાંથી આવતા ભેજના લીધે તેમજ પશ્ચિમી વિક્ષેપના લીધે તા ૭ થી ૧૪ માં દરમિયાન ગુજરાતના ભાગોમાં આંધી ધુળકટ ઉડે અને સાંજના સમયે ગાજવીજ સાથે વરસાદ વરસવાની સંભાવના છે. ક્યારેક ક્યારેક એકાએક અંધારુ છવાઈ જાય તેવુ હવામાન જોવા મળે. મહારાષ્ટ્રના ભાગો વિદર્ભના ભાગો મધ્યપ્રદેશના ભાગો પુર્વ ગુજરાતના ભાગો અરવલ્લી પુર્વ ગુજરાતના વિસ્તારમાં દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં અને ઉત્તર સૌરાષ્ટ્રમાં તા ૧૪ માં સુધી ધુળકટ ઉડશે. જે ચોમાસાના શુભસંકેત ગણાશે. હાલમાં ચોમાસુ સારુ આવવાની સંભાવના જણાંય છે.દુષ્કાળની સંભાવના શરૂઆતમાં જણાંતી નથી વરસાદ ઓકટોબર મહીના સુધી ચાલુ રહે તેવી સંભાવના છે. કોઈ કોઈ ભાગોમાં ૧૦૧ ટકાથી વધારે વરસાદ થઈ શકે છે. સામાન્ય વરસાદ ૯૮ ટકા રહેવાની સંભાવના છે. ગાંધીનગર અમદાવાદ તેમજ ઉત્તર ગુજરાતના ભાગોમાં પણ હવામાન બદલાય જયારે કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના રહે જેમાં વરસાદનુ પ્રમાણ ઓછુ પરંતુ ગાજવીજ રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com